# લાલપરી બ્યુટીફિકેશન પ્રોજેક્ટ સંપૂર્ણપણે દબાણમુક્ત

## કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ, એજન્સીની નિમણૂક,આગામી સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે

રાજકોટઃરાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સૌંદર્યમાં વધારો અને નાગરિકોને વધુ સુવિધાયુક્ત, સુવ્યવસ્થિત અને આકર્ષક જાહેર સ્થળો ઉપલબ્ધ કરવાના હેતુથી "લાલપરી બ્યુટીફિકેશન પ્રોજેક્ટ" અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત જે સ્થળે વિકાસ અને સૌંદર્યીકરણની કામગીરી થવાની છે તે સ્થળ સંપૂર્ણપણે દબાણમુક્ત છે અને ત્યાં કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ, કબજો કે અવરોધ અસ્તિત્વમાં નથી.

આ બાબત અંગે સ્પષ્ટ કરવામાં આવે છે કે લાલપરી વિસ્તારમાં સૂચિત બ્યુટીફિકેશનની કામગીરી રાજકોટ મહાનગરપાલિકાના અધિકૃત માલિકીના અને કાયદેસર રીતે ઉપલબ્ધ જમીન પર જ હાથ ધરવામાં આવી રહી છે. આ સ્થળે કોઈ વ્યક્તિ, સંસ્થા કે વેપારી દ્વારા કબજો ધરાવવામાં આવ્યો હોવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

લાલપરી તળાવને ડેવલોપમેન્ટ તથા બ્યુટીફિકેશન કરવાનાં કામે ૧૮૨૬૫ ચો.મી.નો કુલ એરિયામાં લેકફ્રન્ટની બાજુમા લંબાઈ અંદાજે ૧.૦ કી.મી, રોડ સાઈડ લંબાઈ અંદાજે ૮૬૦ રનીંગ મીટર, ગાર્ડન વર્ક ૧૦૯૫૦ ચો.મી, ગેબિયન વોલ ૧ કી.મી, ફૂટપાથ ૮૫૦ રનીંગ મીટર અને વોકિંગ ટ્રેક ૧૬૫૦ રનીંગ મીટર તથા ગજેબો જેવા કામનો સમાવેશ થાય છે.

લાલપરી બ્યુટીફિકેશન પ્રોજેક્ટ માટે જરૂરી તમામ ટેકનિકલ અને વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી ચૂકી છે. આ કામ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં નિયમિત પ્રક્રિયા અનુસાર યોગ્ય અને લાયક એજન્સી પસંદ કરવામાં આવી છે. ટેન્ડર મંજૂર થઈ ચૂકેલ છે અને કામગીરી કરવા માટે એજન્સીની સત્તાવાર નિમણૂક પણ કરવામાં આવી છે.આ પ્રોજેક્ટ અંતર્ગત લાલપરી વિસ્તારમાં લેન્ડસ્કેપિંગ, હરિયાળી વિકાસ, વોકવે, બેઠકો, લાઇટિંગ, સ્વચ્છતા અને નાગરિક સુવિધાઓ સાથે જોડાયેલા વિવિધ વિકાસાત્મક કામો કરવામાં આવશે, જેથી શહેરના નાગરિકો માટે વધુ આકર્ષક, સુરક્ષિત અને ઉપયોગી બને. શહેરની સુંદરતા વધારવા સાથે સાથે લોકો માટે સ્વચ્છ અને સુવિધાજનક જાહેર સ્થળ ઉપલબ્ધ કરાવવો એ આ યોજનાનો મુખ્ય હેતુ છે.આગામી સમયમાં, જરૂરી તૈયારી પૂર્ણ થતા જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એજન્સી મારફત સ્થળ પર કામગીરી શરૂ કરવામાં આવશે. પ્રોજેક્ટ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ થાય તે માટે અધિકારીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકામાં આવેલ લાલપરી તળાવને ડેવલોપમેન્ટ અને બ્યુટીફીકેસન માટે ડેવલોપ કરવાનું થાય છે, જે પ્રદ્યુમન પાર્કમાં આવતા તમામ ટુરિસ્ટ માટે પેડેસ્ટ્રીયન વોકિંગ ટ્રેક, ચિલ્ડ્રન પ્લે યેરીયા, ગાર્ડેન એરિયા, ફૂથપાથ, ગ્રીનબેલ્ટ, બેસવા માટે ગજેબો જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે. લાલપરી બ્યુટીફિકેશન પ્રોજેક્ટ રાજકોટને વધુ સુંદર, સ્વચ્છ અને આધુનિક બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# જેતપુરમાં જેટકોની દાદાગીરીથી આઘાત પામેલા ખેડૂતનું હાર્ટ એટેકથી કરૂણ મૃત્યુ

## ખેડૂતે વાવેતર કરેલા ઘઉંના ઉભા પાકમાં વીજપોલ નાખવા પોલીસ સાથે વીજકંપની ત્રાટકી:ગોપાલ ઈટાલિયા અને જિગીષા પટેલે મૃતક ખેડૂત પરિવારજનોની મુલાકાત લઈ સરકાર પર કર્યા આકરા પ્રહાર, ખેડૂતોમાં રોષ

જેતપુર:રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના વીરપુર પાસેના જેપુર ગામમાં વીજ કંપનીની કથિત દાદાગીરી અને ખેડૂતો પ્રત્યેની સંવેદનહીનતાનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ખેતરમાં ઉભા પાક વચ્ચે બળજબરીથી વીજ પોલ નાખવાની કામગીરીથી લાગેલા આઘાતને કારણે ખેડૂત ભગવાનજીભાઈ રૂપાપરાનું હાર્ટ એટેકથી નિધન થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટના બાદ આમ આદમી પાર્ટીના નેતાઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

જેટકો કંપનીના અધિકારીઓ પોલીસ પ્રોટેક્શન સાથે જેપુર ગામમાં પહોંચ્યા હતા અને ખેડૂતની મંજૂરી વિના જ તેમના ખેતરમાં હાઈ ટેન્શન લાઈન નાખવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ભગવાનજીભાઈના ખેતરમાં શિયાળુ ઘઉંનો પાક તૈયાર હતો. જેસીબી અને મશીનરી ખેતરમાં ફરતા પાકને નુકસાન થયું હતું. પોતાની નજર સામે જમીન

અને પાકને બરબાદ થતો જોઈ ભગવાનજીભાઈ અત્યંત તણાવમાં આવી ગયા હતા. સાંજ સુધી સ્વસ્થ જણાતા ખેડૂતને રાત્રે ચિંતામાં હાર્ટ એટેક આવ્યો અને તેમનું દુઃખદ નિધન થયું.

મૃતક ખેડૂતના પરિવારને સાંત્વના આપવા પહોંચેલા આમ આદમી પાર્ટીના મહિલા આગેવાન જિગીષા પટેલે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "સરકાર અને તંત્ર ખેડૂતોને માણસ નહીં પણ કીડા-મકોડા સમજે છે. ખેડૂત પોતાની માલિકીના ખેતરમાં લોહી-પરસેવો રેડીને પાક ઉગાડે છે, ત્યારે તેની મંજૂરી લીધા વિના પોલીસને સાથે રાખીને દબાવવામાં આવે છે. જગતનો તાત દરેક જગ્યાએ પીસાઈ રહ્યો છે. શું ખેડૂતોને માત્ર અન્યાય જ સહન કરવાનો? જો તમારા ખેતરમાં આ થાય તો તમારી સાથે કોઈ ઉભું નહીં રહે, માટે તમામ ખેડૂતોએ હવે એક થઈને જાગૃત થવાની જરૂર છે."આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પણ સરકાર અને વીજ કંપનીની મિલીભગત પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ટેકનિકલ મુદ્દાઓ ટાંકતા કહ્યું હતું કે, "ખેતરમાં વીજ પોલ નાખવાથી જમીનની કિંમત ઘટી જાય છે. ભવિષ્યમાં જમીન વેચવી હોય કે ભાઈઓ વચ્ચે ભાગ પાડવો હોય તો કાયમી નુકસાન જાય છે." ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વેધક સવાલ કર્યો હતો કે, "ગામમાં સરકારી ગૌચર અને પડતર જમીનો હોવા છતાં, માત્ર ગરીબ ખેડૂતોના ખેતરોમાં જ કેમ થાંભલા નાખવામાં આવે છે?

# ઉપલેટામાં GUDC કામોમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

## સદસ્ય લખમણ ભોપાળાએ બિલ અટકાવવા માંગ કરી, ચીફ ઓફિસરને ફરિયાદ

ઉપલેટા: રાજકોટની ઉપલેટા નગરપાલિકાના વોર્ડ નંબર ૮માં ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ દ્વારા ચાલી રહેલા વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને નિયમોના ભંગના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વોર્ડના સદસ્ય અને શહેર કોંગ્રેસ પ્રમુખ લખમણ ભોપાળાએ આ અંગે ચેંદ્ઢઝના મેનેજિંગ ડિરેક્ટર (ગાંધીનગર) અને ચીફ ઓફિસરને લેખિત ફરિયાદ કરી છે.ભોપાળાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, જ્યારે પણ સાઈટ પર અધિકારીઓ પાસેથી કામના ટેન્ડરની શરતો, વર્ક ઓર્ડર કે મટીરીયલ ટેસ્ટિંગના રિપોર્ટ્સ માંગવામાં આવે છે, ત્યારે તે ઉપલબ્ધ ન હોવાનું રટણ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, ચૂંટાયેલા લોકપ્રતિનિધિને દસ્તાવેજો ન બતાવવા એ માહિતી અધિકાર અને પારદર્શિતાના નિયમોનો સીધો ભંગ છે.તેમણે એ પણ આક્ષેપ કર્યો છે કે, જાહેર બાંધકામ વિભાગ (ઇશ્ન) ની માર્ગદર્શિકા મુજબ ખોદકામવાળી જગ્યાએ બેરિકેટ્સ, સાઈન બોર્ડ કે ડાયવર્ઝન બોર્ડ લગાવવા ફરજિયાત છે. તેમ છતાં, કોન્ટ્રાક્ટર દ્વારા કોઈપણ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા વિના કામ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે રાહદારીઓ અને સ્થાનિક નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના મંચથી "ટીબીમુક્ત ભારત અભિયાન"ના સંકલ્પને વેગ

રાજકોટઃ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના "ટીબીમુક્ત ભારત" અભિયાનને સાકાર કરવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ટીબી જાગૃતિ અંગે વિશેષ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય ક્ષય અધિકારી ડો. આર.બી. પટેલ તેમજ રાજ્યની ટીમ અને નિક્ષય મિત્ર કન્સલ્ટન્ટ દ્વારા સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી.

સ્ટોલમાં વાઈબ્રન્ટ કોન્ફરન્સની મુલાકાતે આવનાર લોકોને ટીબી રોગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તેમજ ટીબી ચેમ્પિયન્સ દ્વારા પોતાના અનુભવો લોકો સાથે વ્યક્ત કરવામાં આવ્યા. સાથોસાથ ટીબી જનજાગૃતિ સ્ટોલમાં ટીબીના દર્દીઓના નિદાન માટે ઉપયોગમાં લેવાતી આધુનિક પદ્ધતિ,નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના દર્દીઓને સારવાર ચાલતી હોય ત્યાં સુધી ભારત સરકાર દ્વારા દર મહિને રૂ. ૧,૦૦૦/-ની સહાય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટની મુલાકાત લેનારા અનેક ડેલિગેટ્સે ટીબીના દર્દીઓને પોષણ કિટ આપવા તેમજ માનસિક અને આર્થિક સહકાર આપવા માટે નિક્ષય મિત્ર તરીકે પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ સાથે રાજકોટની જનતાને પણ "ટીબીમુક્ત ભારત"અભિયાનમાં સહયોગ આપવા માટે જિલ્લા ક્ષય કેન્દ્ર, રાજકોટ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# વાઈબ્રન્ટ ઈફેક્ટ:માત્ર ત્રણ જ દિવસમાં બામણબોર GIDCને મંજૂરી

રાજકોટઃ રાજ્યમાં ઉદ્યોગોના વિકાસ માટે જીઆઈડીસી મહત્ત્વનું પરિબળ છે. રાજકોટ, મોરબી, કચ્છ, સહિતના તમામ જિલ્લામાં ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન એટલે કે, જીઆઈડીસી વસાહત આવેલ છે. જોકે સરકાર દ્વારા નવી જીઆઈડીસીની જાહેરાત કર્યા બાદ વર્ષો સુધી જીઆઈડીસી ડેવલોપ થતી નથી ત્યારે રાજકોટ ખાતે કચ્છ-સૌરાષ્ટ્ર વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સના આયોજન દરમિયાન એક ઐતિહાસિક નિર્ણય લઈ જિલ્લા કલેક્ટર દ્વારા માત્ર ૩ દિવસમાં જ બામણબોર જીઆઈડીસી મંજૂર કરવામાં આવી હતી. નોંધનીય છે કે, વાઈબ્રન્ટના મંચ પરથી વડાપ્રધાન મોદીએ જાહેર કરેલી સૌરાષ્ટ્ર-કચ્છની ૧૩ નવી સ્માર્ટ જીઆઈડીસી પૈકીની બામણબોર જીઆઈડીસી એક છે.

### VGRCમાં રજૂ થયેલા "સૌરાષ્ટ્ર ઈકોનોમિક રિજનલ માસ્ટર પ્લાન"માં જાહેરાત

# સૌરાષ્ટ્રને દેશના સૌથી મોટા મલ્ટી સેક્ટર મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ઝોન તરીકે વિકસાવાશે

## સૌરાષ્ટ્ર માત્ર સપ્લાયર તરીકે નહીં પણ સંપૂર્ણ સિસ્ટમ અને સોલ્યુશન પ્રોવાઈડર તરીકે પોતાનું સ્થાન મજબૂત કરે તે જરૂરી: અજય ભાદુ, અધિક સચિવ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

રાજકોટઃ સૌરાષ્ટ્ર પ્રદેશને દેશના સૌથી મોટા મલ્ટી સેક્ટર મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ઝોન તરીકે વિકસાવવાની જાહેરાત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં રજૂ થયેલા "સૌરાષ્ટ્ર ઈકોનોમિક રિજનલ માસ્ટર પ્લાન" (SaER) માં કરવામાં આવી હતી.

મારવાડી યુનિ. ખાતે સંપન્ન થયેલી વી.જી.આર.સી.માં જીઢઈઈ અંગેના મુખ્ય થીમેટિક સત્રમાં વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગ અગ્રણીઓ, ડેવલપર્સ, પોલિસી મેકર્સ તેમજ ઉત્પાદન અને નિકાસ ક્ષેત્ર સાથે જોડાયેલા ૮૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.

આ સેમિનારમાં મોટા પાયે મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ઝોન તૈયાર કરવાના ગુજરાત સરકારના વ્યુહાત્મક લક્ષ્ય પર ભાર મુકવામાં આવ્યો હતો. ભારતને વર્ષ ૨૦૪૭માં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે વિકસિત ગુજરાતજ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માટે વર્ષ ૨૦૩૦ સુધીમાં બે ટ્રિલિયન યુ.એસ. ડોલરના નિકાસનો રાષ્ટ્રીય લક્ષ્યાંક રખાયો છે. જેને હાંસલ કરવા ઉદ્યોગોમાં સ્પર્ધાત્મકતા, નિકાસલક્ષી વિકાસ અને પ્રદેશોની આર્થિક કાયાપલટને મહત્વના ગણાવાયા છે.

પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ વિભાગના સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે પ્રેઝેન્ટેશનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં ગ્રીટ દ્વારા નોલેજ પાર્ટનર પ્રાઈઝવોટરહાઉસકૂપર પ્રા.લિ.ની સહાયથી આ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રનો જીડીપી નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ. ૩.૮ લાખ કરોડ હતો અને વર્ષ ૨૦૪૬–૪૭ સુધીમાં તેમાં ૧૫ ગણો વધારો કરીને રૂ. ૫૭.૬ લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. જેમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મુખ્ય રહેશે. જીઢઈઈના વિકાસ માટે મુખ્ય ચાર પ્રાથમિક ક્ષેત્રોને લક્ષ્યમાં રાખવામાં આવ્યા છે. જેમાં નોન-મેટાલિક મિનરલ્સ (સિરામિક્સ), ફૂડ પ્રોસેસિંગ, એન્જિનિયરિંગ ગુડ્સ તથા પર્યટનનો સમાવેશ થાય છે.

ઉપરાંત, ઉત્પાદન આધારિત વૃદ્ધિને ગતિ આપવા માટે SaER માટે સાત મહત્વાકાંક્ષી (બિગ-ટિકિટ) પ્રોજેક્ટ્સ પણ નક્કી કરવામાં આવ્યા છેઃ જેમાં (૧) સૌરાષ્ટ્રને દેશના સૌથી મોટા બહુ-ક્ષેત્રીય નિકાસ ઉત્પાદન હબમાંથી એક બનાવવું, (૨) સૌરાષ્ટ્ર ડિફેન્સ ઈનોવેશન અને મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર, (૩) રાજકોટ ખાતે મેગા ફૂડ પાર્ક અને એગ્રો ક્લસ્ટર, (૪) પ્રાદેશિક એરોસિટી અને એમ.આઈ.સી.ઈ. સેન્ટર, (૫) ભારતનો સૌથી મોટો ઈકો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, (૬) ઉત્તર ગુજરાતમાં ઓ.ઈ.એમ. માટેનો સૌથી મોટો ઑટો પાર્ટ્સ હબ, અને (૭) એન્જિનિયરિંગ તથા ટેકનોલોજી ક્ષેત્રો માટેનો નોલેજ ક્લસ્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

"ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટેશન, લોજિસ્ટિક્સ, ઊર્જા વગેરે ક્ષેત્રો સંબંધિત ૭૦થી વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ આયોજનના તબક્કે છે. આ તમામ માટે ૨૦૪૭ સુધી અંદાજે રૂ. ૧૧ લાખ કરોડ જેટલા મૂડીરોકાણની જરૂર પડશે. તેમાંથી આશરે ૨૦ ટકા જરૂરિયાત ગુજરાત સરકારના ભંડોળ દ્વારા પૂર્ણ થવાની ધારણા છે, જ્યારે બાકીના ૮૦ ટકા રોકાણ ખાનગી ક્ષેત્ર (), મલ્ટી લેટરલ સહાય, કેન્દ્ર સરકારના અનુદાન વગેરે જેવા અન્ય ભંડોળ સ્ત્રોતોમાંથી એકત્ર કરવામાં આવશે. ૨૦૪૭ સુધીમાં પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય ક્ષેત્રોમાં કુલ મળીને અંદાજે ૬૦ લાખ નવા રોજગાર સર્જાવાની આશા છે.

ગુજરાત રાજ્ય ઈન્વેસ્ટમેન્ટ ફોર ટ્રાન્સફોર્મેશન (ગ્રીટ)ના સી.ઈ.ઓ. અને ચેરપર્સન શ્રીમતી એસ. અપર્ણા, આઈ.એ.એસ. (નિવૃત્ત)એ આ તકે જણાવ્યું હતું કે, સમગ્ર પ્રદેશના ઔદ્યોગિક વિકાસ માટે સૌરાષ્ટ્રના એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોએ પેઢીગત વ્યવસાયોમાંથી બહાર નીકળીને મોટા પાયે વિકસતા સાહસોમાં રૂપાંતરિત થવું જરૂરી છે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'વૈશ્વિક સ્પર્ધાત્મકતા' અને 'આત્મનિર્ભરતા' ના બે મંત્રો આ પ્રદેશની વિકાસ વ્યૂહરચના માટે માર્ગદર્શક બની રહેશે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવે એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોને અપીલ કરી હતી કે તેઓ મોટા ઉદ્યોગોની સાથે ટકી રહેવા અને પ્રગતિ કરવા માટે સ્કેલ, ટેકનોલોજી અને સસ્ટેનેબિલિટી અપનાવે, જેથી સૌરાષ્ટ્રના ઔદ્યોગિક ક્લસ્ટરો સાચા અર્થમાં નિકાસ માટે સજ્જ બની શકે.

આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના અધિક સચિવ શ્રી અજય ભાદુએ પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન એ એક ગેમ-ચેન્જર પહેલ ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, આ પ્લાન પ્રદેશની પરંપરાગત શક્તિઓનો ઉપયોગ કરવાની સાથે ઉચ્ચ મૂલ્ય ધરાવતા ક્ષેત્રોમાં વિવિધતા લાવશે, વૈશ્વિક રોકાણો આકર્ષશે અને લાંબા ગાળાની સ્પર્ધાત્મકતા માટે ટેકનોલોજી અને ટકાઉપણાને પ્રોત્સાહન આપશે. તેમણે રૂ. ૨૫,૦૬૦ કરોડના બજેટ સાથે શરૂ કરાયેલા નવા 'એક્સપોર્ટ પ્રમોશન મિશન'ની માહિતી આપતા કહ્યું કે, છ વર્ષના આ પ્લાનનો ઉદ્દેશ્ય ખાસ કરીને એમ.એસ.એમ.ઈ. અને નવા નિકાસકારોની ક્ષમતા વધારવાનો છે. તેમણે જણાવ્યું, "હવે સમય આવ્યો છે કે સૌરાષ્ટ્ર માત્ર સપ્લાયર તરીકે નહીં, પરંતુ સંપૂર્ણ સિસ્ટમ અને સોલ્યુશન પ્રોવાઈડર તરીકે પોતાનું સ્થાન મજબૂત કરે."

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ સેમિનારમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારત સરકાર દેશમાં વર્લ્ડક્લાસ મેન્યુફેક્ચરિંગ કેપેસિટી વધારવા અને એક્સપોર્ટ મિશનને વેગ આપવા માટે પૂરી રીતે કટિબદ્ધ છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં બે ટ્રિલિયન ડોલરના નિકાસ લક્ષ્યાંકને પહોંચી વળવા અને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવા માટે સરકાર ખાસ કરીને સૌરાષ્ટ્ર જેવા વિસ્તારોમાં સંકલિત મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ઝોન વિકસાવવા પર ભાર મૂકી રહી છે. તેમણે ગુજરાતની પ્રશંસા કરતા કહ્યું હતું કે, વિવિધ પ્રદેશોના વિકાસ માટે ગુજરાતે ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જે લાંબા ગાળાનું આયોજન અને રિજનલ માસ્ટર પ્લાન બનાવ્યા છે, તે અન્ય રાજ્યો માટે એક રોલ મોડેલ બન્યા છે.

સેમિનારના અંતે, મજબૂત આંતરમાળખાકીય આયોજન અને ઉદ્યોગો સાથેના સતત સંપર્ક દ્વારા મોટા પાયે મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ઝોનના આયોજન અને અમલીકરણને વેગ આપવા પર સર્વસંમતિ સધાઈ હતી.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના સચિવ (પ્લાનિંગ) શ્રીમતી આર્દ્રા અગ્રવાલે સ્વાગત પ્રવચન કર્યું. જેમાં તેમણે ટકાઉ ઔદ્યોગિક વિકાસ, રોકાણો આકર્ષવા અને ગુજરાતની નિકાસ ક્ષમતાને મજબૂત કરવા માટે મોટા પાયાના સંકલિત મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ઝોનના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# માંધાતા ગ્રુપ કોળી સેનામાં વિલીન: મંત્રી પરષોત્તમ સોલંકીની જાહેરાત

## ગોંડલમાં માંધાતા દેવ પ્રાગટ્ય દિવસે કોળી સમાજનું સંગઠન મજબૂત બન્યું

ગોંડલ: મકર સંક્રાંતિના પવિત્ર પર્વે ગોંડલ ખાતે કોળી સમાજના ઈષ્ટદેવ શ્રી માંધાતા દેવના પ્રાગટ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મંત્રી પરષોત્તમભાઈ સોલંકીએ સમાજની એકતા માટે મોટી જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે, હવેથી 'માંધાતા ગ્રુપ' અને 'કોળી સેના' એક જ નામ 'કોળી સેના' તરીકે ઓળખાશે.

મહોત્સવના ભાગરૂપે શ્રી માંધાતા ગ્રુપ અને સમસ્ત કોળી સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. આ યાત્રા ભગવતપરા માંધાતા પાર્ટી પ્લોટથી શરૂ થઈ ધોધાવદર ચોક, પટેલવાડી, માંધાતા સર્કલ, સેન્ટ્રલ ટોકીઝ, માંડવી ચોક અને જેલચોક જેવા મુખ્ય માર્ગો પર ફરી હતી.શોભાયાત્રામાં શ્રી માંધાતા દેવ, દાદા વેલનાથ, વિરાંગના ઝલકારી બાઈ અને વીર તાનાજીના જીવન ચરિત્રને દર્શાવતા સુશોભિત રથો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. 'સવા મુઠ્ઠી ખીચડી' અભિયાન અંતર્ગત ગામેગામથી ખીચડી એકત્ર કરીને મહાપ્રસાદ તૈયાર કરાયો હતો, જેનો આશરે ૨૦ હજાર જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

# લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર કેટલીક ટ્રેનોના સ્ટોપેજ ૧૦ ફેબ્રુઆરી સુધી અસ્થાયી રૂપે રદ

રાજકોટઃ રાજકોટ ડિવિઝનના લાખાબાવળ–પીપળી–કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલી ડબલ ટ્રેકની કામગીરીના કારણે તાત્કાલિક અસરથી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી કેટલીક ટ્રેનોના લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પરના નિર્ધારિત સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ કરવામાં આવ્યા છે. જેની વિગત નીચે મુજબ છેઃ

સ્ટોપેજ રદ્દ અંગેની માહિતી

લાખાબાવળ સ્ટેશનઃ

૧) ટ્રેન સંખ્યા ૧૯૨૦૯/૧૯૨૧૦ – ભાવનગર–ઓખા–ભાવનગર એક્સપ્રેસઃ તાત્કાલિક અસરથી ૧૦.૦૨.૨૦૨૬ સુધી લાખાબાવળ સ્ટેશન પર સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ્દ રહેશે.

૨) ટ્રેન સંખ્યા ૧૯૫૫૨/૧૯૫૫૧ – ઓખા–રાજકોટ–ઓખા લોકલઃ તાત્કાલિક અસરથી ૧૦.૦૨.૨૦૨૬ સુધી લાખાબાવળ સ્ટેશન પર સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ્દ રહેશે.

પીપળી સ્ટેશનઃ

૧) ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ – ઓખા–ભાવનગર એક્સપ્રેસઃ તાત્કાલિક અસરથી ૧૦.૦૨.૨૦૨૬ સુધી પીપળી સ્ટેશન પર સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ્દ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રેન સંખ્યા ૧૯૨૦૯ ભાવનગર–ઓખા એક્સપ્રેસનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ થી પુનઃ સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સ્ટોપેજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

# બિનવારસી બાળકના વાલી વારસની શોધખોળ અંગે

રાજકોટઃ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.૧૧/૦૧/૨૦૨૬ના રોજ જૂનાગઢ નેશનલ હાઇવે પર પીપળીયા તથા રીબડા વચ્ચે આવેલ જી.આઇ.ડી.સી.વિસ્તારમાંથી આશરે અઢીથી ત્રણ વર્ષનું બિનવારસી બાળક મળી આવેલ છે. બાળક અર્ધ બેભાન હાલતમાં અને મોઢાના ભાગે ઈજાના નિશાનો દેખાતા તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યું છે. બાળકના વાલીવારસ બાબતે જાણકારી મળે તો તુરંત પોલીસ કંટ્રોલ રૂમ રાજકોટ ગ્રામ્ય, રાજકોટ ફોન નં. ૦૪૩૩૯૧૧૧૦૦, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૬૩૫૯૬૨૫૭૧૪ અથવા ગોંડલ તાલુકા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રીના ફોન નં. ૯૨૭૭૨૫૮૦૩૫ ઉપર સંપર્ક કરવા એમ.ઓ.બી. શાખા, રાજકોટ ગ્રામ્ય દ્વારા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)